ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરના દરેક ઘરમાંથી સુકો અને ભીનો કચરો અલગ કરીને આપવાનું હવે ફરજિયાત

## ૧૬ ઓગષ્ટથી અલગ કચરો નહીં આપનાર ઘરેથી કચરો ઉપાડવાની સેવા સ્થગિત કરાશે : પખવાડિયા પહેલા મ્યુનિસિપલ કમિશનર દ્વારા સુકો અને ભીનો કચરો અલગ કરીને આપવા નગરવાસીઓને અપીલ કરાઈ હતી

ગાંધીનગર, તા. ૧૩

પાટનગરની પર્યાવરણીય સુરક્ષા માટે સુકો અને ભીનો કચરો ઉત્પત્તિ સ્થાનેથી જ અલગ કરીને લેવાની મહાનગર પાલિકા દ્વારા શરૂઆત કરી દેવામાં આવી છે. તેના માટે ગત તા. ૧ ઓગષ્ટના રોજ મ્યુનિસિપલ કમિશનર ડૉ. ધવલ પટેલ દ્વારા સમગ્ર મહાનગરપાલિકા વિસ્તારના રહેવાસીઓને અપિલ કરવામાં આવી હતી. હવે તંત્ર દ્વારા ભારત સરકારના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬ નામના કાયદાનો અનિવાર્ય અમલ ગાંધીનગરમાં ચાલુ કરવામાં આવનાર છે. તેના અંતર્ગત તા. ૧૬મી ઓગષ્ટથી જે ઘરેથી સુકો અને ભીનો કચરો અલગ કરીને આપવામાં નહીં આવે તો ઘરેથી કચરો ઉપાડવાની સેવા સ્થગિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.




વિશ્વભરમાં વિવિધ કચરાનો નિકાલ વૈજ્ઞાનિક ઢબથી કરવા પર ભાર મુકાઈ રહ્યો છે ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના નગરજનોને મ્યુનિસિપલ કમિશનર ડૉ. ધવલ પટેલ દ્વારા ઘરેથી જ સુકા અને ભીના કચરાને અલગ પાડીને કચરા ગાડીને આપવા માટે અપિલ કરાઈ હતી. તંત્ર દ્વારા કમિશનરનો પત્ર અને સુકા-ભીના કચરાની સમજ આપતા સ્ટિકર તથા પત્રિકા ઘરે ઘરે પહોંચાડવા ઝુંબેશ ચલાવાઈ હતી. કેમ કે બાયોડીગ્રેબલ મતલબ કે જેનું વિઘટન થઈ શકે છે, તેવા ભીના કચરામાંથી ખાતર બનાવી શકાય છે અને નોન-બાયોડીગ્રેબલ એટલે કે જેનું વિઘટન થઈ શકતું નથી તેવા સુકા કચરાને રી-સાયકલ અથવા રી-યુઝ કરી શકાય છે. પરંતુ તેમ કરવા માટે કચરાને અલગ કરવાનું અનિવાર્ય છે. આથી ગાંધીનગરના દરેક પરિવારને તેના ઘરેથી જ સુકો અને ભીનો કચરો અલગ કરીને આપવા માટે સમજ અપાઈ હતી.

આ દિશામાં આખા દેશમાં સફળતા મેળવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ નામનો કાયદો વર્ષ ૨૦૧૬થી અમલી કરાયો છે. આવનારી પેઢીને સ્વચ્છ પર્યાવરણ આપવા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત 'એક પગલું સ્વચ્છતા તરફ'નો નારો તો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપ્યો છે. ઉપરોક્ત કાયદામાં કચરો ઉત્પન્ન કરનાર દ્વારા જ કચરાને અલગ અલગ એકત્ર કરવા અને સંગ્રહ કરવાની વાત અત્યંત સ્પષ્ટતાથી જણાવવામાં આવેલી છે.

૧૫ ઓગષ્ટ-સ્વતંત્રતા દિન નિમિત્તે કચરાનું સેગ્રીગેશન કરીને સાચા અર્થમાં ભારત માતાનું ઋણ ચુકવીએ.

# જિલ્લાના ૧૦૯ ગામમાં કોરોના રસીના પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ

## શહેરમાં બીજો ડોઝ વેક્સિનનો લેનારાઓની સંખ્યા ૧ લાખને પાર કરી ગઈ : શહેરમાં ૪ લાખથી વધુ લોકોને આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ૧૦૯ ગામોમાં કોરોના વેક્સિનના પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી સંપન્ન થઈ ગઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક જ દિવસમાં ૧૨૦૯૮ લોકોને વેક્સિન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૭,૪૯,૦૩૨ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

જે પૈકી ૫,૯૨,૯૯૫ ને પ્રથમ ડોઝ વેક્સિનનો આપવામાં આવ્યો છે જ્યારે ૧,૫૪,૫૮૯ ને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪,૦૨,૩૩૨ પુરૂષ અને ૩,૪૬,૬૦૨ મહિલાઓને આ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.

આરોગ્યતંત્રના સત્તાવાર સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાના ૧૪ ગામમાં, ગાંધીનગરના ૧૪ ગામમાં, માણસામાં ૪૫ ગામમાં અને દહેગામના ૩૬ ગામના લોકોને વેક્સિનના પ્રથમ ડોઝનમાં ૧૦૦ ટકાને આવરી લેવામાં આવ્યા છે. જિલ્લામાં આ ગતિએ વેક્સિનેશન અભિયાન ચાલશે તો આગામી બે માસમાં વેક્સિનની કામગીરી ૧૦૦ ટકા થઈ જશે. બીજા ડોઝની વેક્સિનની કામગીરી થોડીક ધીમી ગતિએ ચાલી રહી હોવાનો એકરાર પણ આ સૂત્રોએ કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૮ થી ૪૪ વયજૂથમાં ૩,૪૩,૦૪૩ લોકોને, ૪૫ થી ૬૦ ના વયજૂથમાં ૨,૪૮,૪૧૨ લોકોને તેમજ ૬૦+ ના વયજૂથમાં ૧,૫૭,૫૭૭ લોકને આવરી લેવામાં આવ્યા છે.

કોરોનાનું સંક્રમણ ઘટ્યા બાદ તંત્રએ પોલિંગ બુથ પેટર્ન પર આ અભિયાન હાથ ધર્યુ છે. ૧૦૯ ગામોમાં અભિયાનના પ્રથમ ડોઝની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ થતાં તંત્રમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

દરમ્યાન ગાંધીનગર શહેરમાં પણ અત્યાર સુધીમાં ૪,૧૯,૬૬૧ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં વેક્સિનનો બીજો ડોઝ લેનારાઓની સંખ્યા એક લાખને પાર કરી ગઈ છે અને આજ સુધીમાં ૧,૦૦,૫૪૨ લોકોએ બન્ને ડોઝ લીધા છે.

શહેરમાં આજ સુધીમાં ૪,૧૯,૬૬૧ લોકોને આવરી લેવામાં આવ્યા છે તેમાં ૨,૩૫,૮૬૧ પુરૂષો અને ૧,૮૩,૭૨૧ મહિલાઓનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# પત્રકારો પર હુમલો કરવાના કેસમાં સાતને એક વર્ષની કેદ

## આસારામના સાધકોએ પત્રકારો અને સ્થાનિકો પર હુમલો કર્યો હતો : ૧૯ આરોપીઓ સામે ૧૩ વર્ષ કેસ ચાલ્યા બાદ ૧૨ ને નિર્દોષ છોડી મુકાયા

ગાંધીનગર તા ૧૩

આસારામના આશ્રમમાં અભ્યાસ કરતા દિપેશ અને અભિષેક નામના બાળકના અપમૃત્યુ બાદ આસારામ આશ્રમ વિવાદની એરણે ચઢયો હતો. જયારે વર્ષ ૨૦૦૮ દરમિયાન આશ્રમમાં ગુરુપુર્ણિમાના દિવસે આસારામના સાધકો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. આ દરમિયાન આ સાધકોએ સ્થાનિક નાગરિકોની સાથે પત્રકારો પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ત્રણ જેટલા પત્રકારોને ઈજા થઈ હતી જયારે આ મામલે અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ આસારામના ૧૯ જેટલા સાધકો સામે ગુન્હો દાખલ કરાયો હતો. આ કૈસ ગાંધીનગરની કોર્ટમાં ચાલી જતા મારઝુડ અને રાયોટીંગના અલગ અલગ સુનાવણીના અંતે કોર્ટે આજે ચુકાદો જાહેર કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# કોરોના મુક્ત બનવા તરફ આગળ વધતા શહેરના શોપિંગ બજારમાં ધમધમાટ

## શહેરના જનજીવનમાં ચેતના પ્રગટી : માર્ગો પર વધતા ટ્રાફિકની સાથે શહેરના શોપિંગ બજારમાં પણ રોનક નિખરી : કોરોનાના ઘટતા પ્રકોપ વચ્ચે તહેવારોની મોસમ પણ નજીક આવતા નાગરિકો રાહત અનુભવી રહ્યા છે

ગાંધીનગર તા ૧૩

શહેરમાં છેલ્લા ઘણાં સમયથી કોરોનાના નવા કેસ પર બ્રેક વાગી ગઈ છે. એકાદ કેસ સિવાય મોટાભાગના દિવસોમાં કોરાનાના નવા સંક્રમિત દર્દીઓનો આંક જીરો પર પહોંચી ગયો છે. બીજીતરફ કોરોના મુક્ત થવા તરફ આગળ વધતા ગાંધીનગરના જનજીવન પર તેની વિશેષ અસર જોવા મળી રહી છે. શહેરના સેકટરોમાં સ્થિત શોપિંગ બજારોમાં ભીડભાડના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સરકારે પણ નિયંત્રણો હટાવી છુટછાટ આપતા નાગિરકો હાલ મુક્તમને ફરતા જોવા મળે છે. શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરોમાં પણ દુકાનોમાં ઘરાકી વધતા વેપારીઓ પણ હાલ રાહત અનુભવી રહ્યા છે. બીજીતરફ નગરના ઉદ્યાનો તેમજ હોટલોમાં પણ રજાના દિવસે તેમજ સાંજના સમયે ભીડ જોવા મળી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી જવલર્સની દુકાનોમાં પણ વિશેષ અવરજવર જોવા મળી રહી છે. શ્રાવણ મહીનામાં તહેવારો પણ નજીક આવી રહ્યા છે. ત્યારે અત્યાર થી જ બજારમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે. કોરોના કાળમાં છેલ્લા ઘણાં સમયથી બજારોમાં સન્નાટો જોવા મળતો હતો. નગરજનો જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ સિવાય અન્ય કોઈપણ દુકાનોમાં જવાનુ પણ ટાળતા હતા પરંતુ છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગર જિલ્લો કોરોના મુક્ત થવા તરફ આગળ વધતા આમ નાગરિકોમાં પણ હાંશકારો પ્રવર્તયો છે. શહેરનુ જનજીવન પણ છેલ્લા કેટલાક દિવસોથી સામાન્ય બની ગયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# નવા સેકટરોના ઉબડ ખાબડ આંતરિક માર્ગોની સુધારણા હાથ ધરવા માંગ

## સે-૧ થી ૫ માં છેલ્લા ચાર વર્ષથી માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાયુ નથી : સ્ટોર્મ વોટર લાઇન અને આડેધડ પેવર બ્લોકની કામગીરીના લીધે માર્ગોની દશા બેઠી

ગાંધીનગર તા ૧૩

શહેરના નવા સેકટરોમાં અંદાજિત ચાર વર્ષ અગાઉ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી હતી જયારે વરસાદી પાણીના નિકાલની લાઈન તેમજ પેવર બ્લોકની કામગીરી બાદ માર્ગો નિચાણમાં ધકેલાઈ ગયા છે. આંતરિક માર્ગો ઉબડ ખાબડ બનતા સ્થાનિકોને હાલાકી વેઠવી પડે છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવા માટે સ્થાનિક રહીશોએ પ્રબળ માંગણી કરી છે.

શહેરના નવા સેકટરોમાં છેલ્લા ચાર વર્ષથી માર્ગ સુધારણાની કામગીરી કરવામાં આવી નથી. જયારે હાલની સ્થિતિએ સેકટરોના આંતરિક

● અનુસંધાન પાન-૭ પર

# પોલીસને વધુ બોડી વોર્ન અને ડ્રોન કેમેરા અર્પણ કરાશે

## આજે રાજ્યપાલ અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં જૂનાગઢ ખાતે એટહોમ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર,તા.૧૩

રાષ્ટ્રના ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી જૂનાગઢ ખાતે થનાર છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી આ ઉજવણીમા સહભાગી થવા બે દિવસના પ્રવાસે જશે તા.૧૪ અને તા.૧૫ ઓગષ્ટના રોજ જૂનાગઢ ખાતે વિવિધ કાર્યક્રમોમા ઉપસ્થિત રહેશે. તા.૧૪મી ઓગસ્ટના રોજ રાજયપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે એટહોમ કાર્યક્રમ યોજાશે જેમા પ્રબુધ્ધ નાગરીકો, અગ્રણી અને સમાજ શ્રેષ્ઠીઓને તેઓ શુભકામનાઓ પાઠવશે. ત્યારબાદ સાંજે ૬:૩૦ કલાકે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તારા નામે ઓ સ્વતંત્રતા થીમ આધારીત સાંસ્કૃતિક કાર્યક્રમમાં યોજાશે જેમા પણ રાજયપાલ અને મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે. તા.૧૫મી ઓગષ્ટે સવારે ૯ કલાકે જૂનાગઢમાં બિલખા રોડ સ્થિત પરેડ ગ્રાઉન્ડમાં ૭૫માં સ્વાતંત્ર દિનની ઉજવણી કાર્યક્રમમાં મુખ્યમંત્રી ઉપસ્થિત રહી ધ્વજવંદન કરાવી રાષ્ટ્રધ્વજને સલામી આપશે.અને મુખ્યમંત્રી ૭૫માં સ્વાતંત્ર પર્વ નિમિતે રાજયના પ્રજાજનોને સંભોધન કરી શુભકામના પાઠવશે.ગુજરાત પોલીસને પ્રજાની સુરક્ષા માટે વધુ સુસજ્જ કરવાના ભાગરૂપે જૂનાગઢથી મુખ્યમંત્રી ગુજરાત પોલીસને ૧૦ હજાર બોડી વોર્ન કેમેરા અને ૧૫ ડ્રોન કેમેરા સિસ્ટમ અર્પણ કરશે. પ્રવર્તમાન કોવિડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સંપૂર્ણ કોવિડ પ્રોટોકોલ સાથે કાર્યક્રમ યોજાશે.

# માણસા-દહેગામમાં ૧૬ હેક્ટર વિસ્તારમાં હળદરની ખેતીનો સફળ પ્રયોગ કરાયો

## માણસા તાલુકાના પાંચ ગામના ૫૪ ખેડૂતોએ ૧૩ હેક્ટર વિસ્તારમાં હળદરની ખેતી કરી છે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં પ્રથમવાર માણસા અને દહેગામના પ્રયોગશીલ ખેડૂતોએ હળદરની ખેતી કરી છે. આ બન્ને તાલુકામાં થઈ ૧૫ થી ૧૬ હેક્ટર વિસ્તારમાં આ પાકની ખેતી કરવામાં આવી છે.

હળદર આમ તો શાકભાજીનો પાક ગણાય છે. કોરોના કાળમાં હળદરનું મહત્વ સમજી જિલ્લાના ખેડૂતોએ તેનુ વાવેતર કરવાનું મન બનાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકાના પાંચ ગામના ૫૪ જેટલા ખેડૂતોએ અને દહેગામના બે થી ૩ ગામના ખેડૂતોએ આ પ્રયોગ કર્યો છે.

સામાન્યતઃ ઠંડા પ્રદેશમાં હળદર થતી હોય છે. ચોમાસાના દિવસોમાં ઠંડકનું વાતાવરણ હોય છે અને માણસા-દહેગામના ખેડૂતોની પ્રયોગશીલ ખેડૂત તરીકે ગણના થતી હોય છે. મગફળીનો પ્રયોગ જિલ્લાના ખેડૂતોએ કર્યો



હતો અને તેના પછી આ વર્ષે જિલ્લામાં મગફળીનું વિક્રમી વાવેતર થયુ છે જે નોંધનીય છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકાના પુંધરા, લોદરા, બદપુરા, અનોડિયા અને ખડાત વિસ્તારના ૫૪ ખેડૂતોએ ૧૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર કર્યુ છે. દહેગામમાં ૩ ગામના ખેડૂતોએ આ પ્રયોગ કર્યો છે. આમ બન્ને તાલુકામાં થઈ ૧૫ થી ૧૬ હેકટરમાં વાવેતર હળદરનું કરવામાં આવ્યુ છે.

આ પાકની સ્થિતિ હાલ સારી હોવાનું પણ જાણવા મળેલ છે. ખેડૂતો અને તંત્રના કર્મયોગીઓમાં હાલની પાકની સ્થિતિને લઈ સંતોષ વ્યક્ત કરી રહ્યા છે.

જિલ્લામાં પહેલીવાર હળદરની ખેતી કરવામાં આવી છે. જિલ્લામાં શાકભાજીના પાકોનું વાવેતર ૧૨ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં આ ખરીફ સિઝનમાં નોંધાયુ છે જે પણ નોંધનીય છે.

# ગાંધીનગર-મહુડી માર્ગના રીસરફેસીંગનુ કામ શરૂ કરાયુ

## છેલ્લા બે મહીનાથી કામગીરી બંધ હતી : હાલ માર્ગ પર ગાબડાં પુરવાની કામગીરી ચાલી રહી છે. પ્રવાસન પથ પર ટ્રાફિકની અવરજવર સરળ બને તે માટે ઝડપથી કામ પુર્ણ કરાશે


ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર મહુડી માર્ગના રીસરફેસીંગનુ કામ છેલ્લા બે મહીનાથી બંધ હતુ પ્રવાસન પથમાં ખાડા અસ્તિત્વમાં આવ્યા હતા જયારે માર્ગની સરફેસ પણ ખરબચડી બની જતા રીસરફેસીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. ૩૬ કીમી ના આ માર્ગની સરફેસ ઉબડ ખાબડ બનતા તંત્ર દ્વારા આ માર્ગને ચકાચક બનાવવા માટે કામ હાથ ધરાયુ છે. જયારે વરસાદી દિવસોને અનુલક્ષી કામ બંધ કરાયુ હતુ પરંતુ લાંબા સમય કામ બંધ રહેવાથી માર્ગ સલામતી પણ જોખમાય તેવી સ્થિતિ હોવાના લીધે તંત્ર દ્વારા આ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

પેથાપુર મહુડી તરફ જતા માર્ગ પર ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. પ્રવાસન પથ તરીકે ઓળખાતા આ માર્ગ પર છેલ્લા કેટલાક વર્ષોથી ટ્રાફિકનો ધમધમાટ વધી ગયો છે. જેના લીધે અગાઉ આ માર્ગને પહોળો કરવા માટે પણ કામ હાથ ધરાયુ હતુ. પરંતુ છેલ્લા કેટલાક સમયથી પ્રવાસન પથની સરફેસી ઉબડ ખાબડ બનતા માર્ગ મકાન વિભાગ કક્ષાએથી આ માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ધરવામા આવ્યુ છે. પરંતુ વરસાદી સંજોગોના લીધે છેલ્લા દોઢ મહીનાથી આ કામગીરી બંધ હતી. ૩૬ કી મી ની લંબાઈ ધરાવતા આ માર્ગના રીસરફેસીંગ માટે અંદાજિત રૂ ૪૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જયારે હાલ માર્ગની જમણી બાજુનુ કામ ચાલી રહ્યુ છે. ડાબી સાઈટનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. રીસરફેસીંગ પુર્વે હાલ માર્ગો પર અસ્તિત્વમાં આવેલા ખાડાઓ પણ પુરવામાં આવી રહ્યા છે. આ માર્ગની કામગીરી સરકારી પ્લાન્ટના આધારે થાય છે. જયારે માર્ગ પર ટ્રાફિકની અવરજવર વધુ સલામત બને તે માટે ઝડપથી કામગીરી પુર્ણ કરવા માટે પણ આયોજન કરાયુ છે.

**૩૬ કીમી ની લંબાઇ ધરાવતા આ માર્ગના રીસરફેસીંગ માટે અંદાજિત રૂ ૪૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો**

**અનાવિલ અવસાન**



દિલગીરી સહ જણાવવાનું કે સ્વ.ઈશ્વરલાલ મગનલાલ દેસાઈ (વેસ્મા) ના પત્ની તથા અમારા માતૃશ્રી **સ્વ.સુવર્ણલતા ઇશ્વરલાલ દેસાઈ (લતાબેન)** તા.૧૨-૦૮-૨૦૨૧ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યાં છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**વર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખી બેસણું તથા લૌકિક રિવાજો રાખેલ નથી.**

દક્ષય ઈશ્વરલાલ દેસાઈ (પુત્ર)
રાજેશ ઈશ્વરલાલ દેસાઈ (પુત્ર) — રોહિણી રાજેશ દેસાઈ (પુત્રવધુ)
રક્ષા પંકજકુમાર દેસાઈ (પુત્રી) — પંકજ ઈશ્વરલાલ દેસાઈ (જમાઈ)
જયમીન, પ્રણવ (પૌત્ર) — તારક, પૂર્વી (દોહિત્ર)

પ્લોટ નં.૨૩૩/૧, અર્જુન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૨, ગાંધીનગર
મો. ૯૮૨૫૨ ૮૧૩૫૬, ૭૩૫૯૫ ૦૮૫૬૩

**લાંબાત અગરબત્તી ઘર માટે**
● ઈબાદત કા ધુપ
● મચ્છર મારને કા ધુપ
● ગુલાબ અગરબત્તી



આયુર્વેદિક હેર ઓઈલ મળશે.
(બિઝનેસ ઓફિસ માટે)
Mo.9913311334

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2015 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com